**DATE: 20/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# વિદેશી દારૂનો વેપલો કરતો બુટલેગર ઝબ્બે

**ભરૂચ ।** નેત્રંગ તાલુકાના મચામડી ગામે નિશાળ ફળિયામાં રહેતો સામસીંગ વસાવા તેના ઘરે દારુનો વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી નેત્રંગ પોલીસની ટીમને મળી હતી. જેના પગલે ઘટના સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસે ઘરમાંથી જ સામસીંગ વસાવાને ઝડપી પાડ્યો હતો. ટીમે તેના ઘરમાં તલાશી શરૂ કરતાં ઘરના અડાળીમાં એક ખુણામાં કપડાની થેલીમાં મુકેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેણે કોની પાસેથી દારૂ લાવ્યો તથા કોને વેચવાનો હતો તે સહિતની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે.

### 20 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો

# નર્મદા નદીના પટે જુગાર રમતાં ત્રણ ઝબ્બે, 2 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમ મહા શિવરાત્રીના બંદોબસ્તમાં હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, ધોળીકુઇ બજાર હનુમાન ગલી પાસેની ઝૂપડપટ્ટીની નીચે નર્મદા નદીના પટમાં કેટલાંક શખ્સોએ ઝાડી ઝાંખરામાં જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, પોલીસે કિરપાલસિંગ અરબતસિંગ ટાંક, સંજુસિંગ અનારસિંગ ટાંક તમજ કાલુસીંગ માનસિંગ ટાંકને ઝડપી પાડ્યો હતો. જ્યારે કિશન વણઝારા તથા અજીતસિંગ પ્રેમસિંગ અંધેલે ઘટના સ્થળેથી નાસી છુટ્યો હતો. પોલીસે ઝડપાયેલાં જુગારિયાઓ પાસેથી રોકડા રૂપિયા 10 હજાર તેમજ બે મોબાઈલ મળી કુલ 20 હજારથી વધુની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તમામ જુગારિયાઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 20/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## આમોદના તણછા રોડ પરની ઘટના : કારમાંથી દારૂની બોટલ મળી

# દારૂનો નશો કરી લક્ઝુરિયસ કાર ચલાવતો સુરતનો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદના તણછ રોડ પર દારૂના નશામાં મોંઘીદાટ કાર આડીઅવળી ચલાવનારા સુરતના શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તબક્કે જ તેણે દારૂનો નશો કર્યો હોવાનું જણાયું હતું. ઉપરાંત તેની કારમાંથી વિદેશી દારૂની બોટલ પણ મળી આવતાં ટીમે તેની સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આમોદ પોલીસની ટીમ તણછ રોડ પર પેટ્રોલિંગમાં હતી. તે વેળા સુરત પાસિંગના એક સ્કોડા રે પીડ કારનો ચાલક રોડ પર વાંકીચુકી અને લોકોના જીવ જોખમાય તે રીતે કાર ચલાવી રહ્યો હતો. ટીમે તે કોઈ અકસ્માત ન સર્જને તે માટે તેને રોકી તપાસ કરતાં કાર ચલાવી રહેલાં શખ્સનું નામ પર્લ ઉમેશ ચંદ્ર વ્યાસ (રહે. જહાગીરાબાદ, સુરત) હોવાનું માલમ પડયું. હતું. ચેકિંગ વેળા તેણે ચિક્કાર દારૂનો નશો કર્યો હોવાનું જાણતું હતું. તેની બેગોની તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂની બોટલ પણ મળી આવી હતી. તેને બહાર કાઢી જોતાં તે આથડિયાં ખાતમો હોવાનું જણાયું હતું. જેના પગલે દારૂના નશામાં તે કોઈ મોટો અકસ્માત સર્જને તેવી શક્યતાઓ સર્જાઈ હતી. આમોદ પોલીસે દારૂનો નશો કરેલાં પર્લ વ્યાસની ધરપકડ કરી તેની સામે દારૂનો નશો કરી વાહન ચલાવવા સહિત વિદેશી દારૂ રાખવા બદલ તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### જીઆઇડીસીના લેક વ્યુ કોમ્પલેક્સમાં ચેકિંગ હાથ ધરાયું

# અંકલેશ્વરમાં પોલીસે 300 ઈ-સિગરેટનો જથ્થો ઝડપ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી લેક યુ કોમ્પલેક્ષ માં ઈ સિગારેટ ઝડપાઈ જવા પામી હતી. 33 નંગ ઈ સિગારેટ મળી 4000 ઉપરાંત નો જથ્થો ઝડપાયો હતો. જીઆઈડીસી પોલીસ એ ગુનો નોંધી તપાસ આરંભી હતી

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે લેક યુ કોમ્પ્લેક્ષ સ્થિત સાંઈ ઓપ્ટિક નામની દુકાનમાં ચશ્માં,બેલ્ટ સહિતની આડમાં પ્રતિબંધિત ઈ-સિગારેટનું વેચાણ થઈ રહ્યું છે જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી ૩૩ નંગ ઈ-સિગારેટનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે ૪ હજારથી વધુનો ઈ-સિગારેટનો જથ્થો કબજે કર્યો હતો અને કોસમડી ગામના સાંઈ શ્રદ્ધા રેસિડેન્સીમાં રહેતો સંચાલક જગદીશ ઉર્ફે સંજય સુવારથ યાદવને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. સરકારે ઈ- સિગરેટ પર પ્રતિબંધ મુકી દીધો હોવાથી તેના વપરાશ અને વેચાણને બંધ કરાવવા માટે પોલીસ વિભાગ તરફથી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**DATE: 21/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### શેઠના હોલ ખાતે પોલીસનો ધિરાણ મેળો

# અંકલેશ્વરમાં 300 લોકો લોન મેળવવા માટે ઈચ્છુક



લોન મેળામાં લોકોને લોન અંગે માહિતી આપવામાં આવી હતી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના શેઠના હોલ ખાતે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ડીવાયએસપી ચિરાગ દેસાઈની અધ્યક્ષતામાં લોન ધિરાણ માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 300થી વધારે લોકોએ હાજર રહી બેંકોમાંથી લોન કેવી રીતે મેળવવી તેની માહિતિ મેળવી હતી.

રાજ્ય સરકારે વ્યાજખોરો સામે કડક કાર્યવાહી હાથ ધરેલી ઝુંબેશ વચ્ચે લોકોને બેંકોના સહયોગથી લોન ધિરાણ માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જરૂરિયાત મંદ લોકોને લોન મળી રહે અને તેઓ વ્યાજખોરોના ચુંગાલમાં ન ફસાય તે માટે પોલીસ વિભાગ આગળ આવ્યું છે.

અંકલેશ્વર શહેરમાં આવેલ શેઠના હોલ ખાતે ડીવાયએસપી ચિરાગ દેસાઈની અધ્યક્ષતા હેઠળ લોન ધિરાણ માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ,રાષ્ટ્રીયકૃત બેંક ,સહકારી બેંક ,ખાનગી બેંકો ,મહિલા અને બાળ અધિકારી કચેરી ભરૂચ ,અંકલેશ્વર નગરપાલિકાના પ્રતિનિધિઓ હાજર રહયાં હતાં. 300થી વધારે લોકોએ બેંકમાંથી લોન કેવી રીતે મેળવવી તથા સરકારી યોજનાનો લાભ કઈ રીતે લઈ શકાય તેની માહિતિ મેળવી હતી.

રાજયમાં વ્યાજખોરો સામે કાર્યવાહી બાદ હવે પોલીસ વિભાગ તરફથી બેંકોના સહયોગથી ધિરાણ મેળા યોજી લોકોને ઓછા વ્યાજથી લોન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે અને ઠેર ઠેર મેળા યોજાઈ રહયાં છે.

**DATE: 21/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ઝઘડિયાના અવિધા ગામેથી 5 ખેલી ઝડપાયાં

ઝઘડિયા | રાજપારડી પોલીસને અવિધા બીટ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે નવા અવિધા ગામે સંજય વસાવાના ઘરની પાસે આવેલ કોઠીના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં બેસીને કેટલાક ઈસમો પત્તા પાનાનો હારજીતનો જુગાર રમે છે. પોલીસે બાતમી મુજબના સ્થળે છાપો મારતા ત્યાં કેટલાક ઈસમો જુગાર રમતા જણાયા હતા. પોલીસે ઘટના સ્થળેથી કિરણ વસાવા, મનીશ વસાવા, શુકલ વસાવા, રમેશ વસાવા તેમજ હરિસીંગ વસાવાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભરૂચમાં સબસીડીવાળું ખાતર ઉદ્યોગોને વેચવાનું કૌભાંડ

**મુખ્ય સૂત્રધારની ધરપકડ, રૂ.૧૧.૨૯ લાખનો જથ્થો જપ્ત**

ભરૂચઃ ભરૂચ SOG શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. એ વેળા બાતમી મળી હતી કે, સાંઈ રેસિડેન્સીમાં રહેતો હેમંત વિનોદ પાનવાલા ખેડૂત નહીં હોવા છતાં સરકારી ખાતરનો જથ્થો રાખી શંકાસ્પદ રીતે વેચાણ કરે છે. આથી નવા શુક્લતીર્થ કરજણ ગામ જવાના રોડ ઉપર તબેલાવાળા શેડમાં ચલાવાતા ખાતર કૌભાંડ ઉપર SOGની ટીમ ખેતી અધિકારીઓને લઈ ત્રાટકી હતી. જ્યાં શેડમાં આડસ વચ્ચે સરકારી સબસીડીવાળા ખાતરમાં ચોથા ભાગનું મીઠું ભરી નવા પેકેજમાં ભરી ઉદ્યોગોને વેચવાનું ચાલતું કાંડ બહાર આવ્યું હતું.

SOGએ સ્થળ પર FSLની તપાસ બાદ ૨૨૪ ખાતરની બોરી રૂ.૬.૧૬ લાખનો જથ્થો, ખાતર તથા મીઠું મિક્સ કરેલી ૨૯ બોરી, ૮૨ મીઠું ભરેલી બોરીઓ, ટેમ્પો, પેકેજિંગ મટિરિયલ્સ, સાધનો મળી કુલ રૂ.૧૧.૨૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મિક્સ કરેલા જથ્થામાં ભાવનગરના જયરાજ એન્ટરપ્રાઈઝ કરડેઝને એક કિલોગ્રામના રૂ.૪૦ના ભાવથી મોકલતા હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

સરકારી સબસીડીવાળું ખાતર અંકલેશ્વરની ચિંતન એગ્રોમાંથી આરોપી હેમંત પાનવાલા ૧૭૦૦માં બોરી ખરીદી તેમાં મીઠું ભેળવી પોટેશિયમ ક્લોરાઈડના પેકેજિંગમાં રૂ.૨૦૦૦માં ભાવનગરના જયરાજ નામના શખ્સને વેચતો હતો. અત્યાર સુધી ખાતર કૌભાંડમાં હેમંતે ૧૫૦૦થી ૨૦૦૦ ખાતરની બોરીઓ ખરીદી હોવાની કેફિયત વ્યક્ત કરી છે. ભરૂચના વિસ્તરણના ખેતી અધિકારી રાજવીરસિંહ મહિડાએ નબીપુર પોલીસમથકમાં ફરિયાદ આપતાં હેમંત વિનોદ પાનવાલા (રહે., સાંઈધામ રેસિડન્સી, એબીસી ચોકડી પાસે, ગ્રીનરી રેસ્ટોરન્ટ પાછળ, ભરૂચ), ચિંતનભાઈ (રહે., ભરૂચ) અને જયરાજ (રહે., ભાવનગર) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 22/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મહિલા સહિત 3 ખેલી ઝબ્બે : સંચાલક સહિત 3 વોન્ટેડ

# બોરભાઠામાં સટ્ટા - બેટિંગના અડ્ડા પર ક્રાઈમ બ્રાંચના દરોડા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના શહેર ડિવિઝનમાં ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી.તે સમયે માહિતી મળી હતી કે,અંકલેશ્વરના તાડ ફળિયામાં રહેતા હંસા દવે બોરભાઠા ગામમાં સટ્ટા બેટિંગ અને ફરક આંકનો જુગાર રમાડી જેના રૂપિયા અને ચીઠ્ઠી ગજાનંદ સોસાયટીમાં રહેતાં ગાયત્રી અર્જુન વસાવાને ત્યાં વલણ મોકલે છે.

સ્થળ ઉપર મકાનના વાડામાં કેટલાક ઈસમો ભેગા થયેલા છે.આ બાતમીના આધારે એલસીબી ની ટીમે બે પંચો સાથે રાખી માહિતીવાળા સ્થળ પર રેઈડ કરતા સટ્ટા બેટિંગ લખાવનારામાં દોડ ધામ મચી ગઈ હતી.પોલીસે સ્થળ પરથી જીતુ વસાવા, ચિરાગવસાવા અને ગાયત્રી વસાવાને ઝડપી પાડ્યા હતાં. જ્યારે હંસા દવે,રાધા વસાવા અને એક ઈસમને વોન્ટેડ જાહેર કરીને તેમને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.આરોપીઓ પાસેથી 45 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. ફરાર થઈ ગયેલી મહિલા સંચાલક સહિત 3ને ઝડપી પાડવા માટે કવાયત શરૂ કરી દેવામાં આવી છે. તપાસનો દોર વડોદરા સુધી લંબાઈ તેવી પણ સંભાવના છે.

**DATE: 23/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 13 જેટલા ખેલીઓની 35 હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

# નેત્રંગ તાલુકામાં 2 જુગારના અડ્ડા ઉપર પોલીસના દરોડા

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ફૂલવાડી ચોકડી પર પેટ્રોલીંગમાં હતો તે અરસામાં બાતમી મળતા મોટા જાંબુડા ગામની ગૌચર ફળીયામાં રહેતો ધર્મેશવસાવા પોતાના ઘરે આંક ફરકનો જુગારધામ ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રેઈડ પાડી જુગાર રમતા 11 ને ઝડપી સ્થળ પરથી રોકડા 16 હજાર મળી કુલ 28 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો .

જ્યારે પોલીસે નાના જાંબુડા ગામની નવી વસાહતમાં રહેતો ચતુર વસાવાના જુગારના અડ્ડા ઉપર દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા અને ફોન મળી કુલ 3 હજારથી વધુના મુદ્દામાલ સાથેચતુર વસાવાને ઝડપી પાડ્યો હતો .ત્રીજી રેઈડ શાકવા ગામના નિશાળ ફળિયામાં રહેતો બુધિયાવસાવાની અડાળીમાં ચાલતા અડ્ડા ઉપર દરોડો પડતા જુગારધામ પરથી રોકડા સહીત 3 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બુધિયા વસાવાને ઝડપી પાડ્યો હતો જ્યારે આ ત્રણેય જુગારના અડ્ડા ચલાવનાર નેત્રંગના દર્શના નગરમાં રહેતો મુખ્ય સુત્રધાર સલમાન અબ્દુલ મલિક પઠાણને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 23/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીના સ્થળે ચોરી થઇ હતી : ટેમ્પોચાલક ઝડપાતાં ભેદ ખુલ્યો

# આંબોલી ગામેથી સળિયા ચોરીમાં ચાર આરોપીને પોલીસે ઝડપી લીધાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના આંબોલી ગામ પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ના લોખંડના સળીયાની ચોરી માં વધુ 4 આરોપી ઝડપાઈ જવા પામ્યા છે.

ગત 18 મી ફેબ્રુઆરીના રોજ આંબોલી ગામ પાસે આવેલ એલ.એન્ડ ટી દ્વારા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી કરાય રહી છે. આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાતા 40 હજારની કિંમતના સળિયાની ચોરી થઈ હતી જે અંગે શહેર એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસે તપાસ શરુ કરી હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સર્વેલન્સ આધારે અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં રહેતા મોહમદ ફિરદોશને થ્રી વ્હીલર ટેમ્પો અને સળીયા સાથે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડી કુલ રૂપિયા 84 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મોહમદ ફિરદોસની સઘન પૂછપરછ કરતા અન્ય આરોપીઓની સંડોવણી બહાર આવી હતી.



પોલીસના હાથે વધુ ચાર તસ્કરો ઝડપાય જવા પામ્યાં છે.

જેમાંથી પોલીસે કમલેશ વસાવા, વાલ્મિક વસાવા, અરવિંદ વસાવા અને ફ્રાન્સિસ મકવાણાની ધરપકડ કરી હતી જ્યારે અન્ય આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

**DATE: 23/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## શામજી ફળિયામાં લોકલ ક્રાઇમ બ્રાંચના દરોડા

# નવા દિવામાં મહિલા બુટલેગર 124 બોટલ દારૂ સાથે ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના નવા દિવાના શામજી ફળિયામાં રહેતી લલિતા વસાવા દારૂ વેચવાનો ધંધો કરે છે. લલિતાએ તેના મકાનમાં દારૂનો જથ્થો સંતાડયો હોવાની માહિતી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચને મળતાં દરોડો પાડી બુટલેગરને 124 બોટલો સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચ એલસીબી પોલીસ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર ના નવા દિવાશામજી ફળીયા રહેતા લલીતા વસાવાના ઘરે મોટા પાયે દારૂ સંતાડ્યો હોવાની ચોક્કસ માહિતી આધારે દરોડાપાડ્યા હતા અને ઘર માં સર્ચ કરતા અંદરથી દારૂની 124 બોટલ પોલીસે ઝડપી પાડ્યા હતા પોલીસે કુલ 13,600 રૂપિયાનો દારૂ નોજથ્થો જપ્ત કર્યો હતો અને આરોપીની ધરપકડ કરી શહેર પોલીસ ના હવાલે કરી હતી. ભરૂચ એસપી લીના પાટીલના માર્ગદર્શન હેઠળ પોલીસે બુટલેગરો સામે સપાટો બોલાવી દીધો છે અને બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

**DATE: 23/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### વાલિયા પોલીસે 17 પશુઓને બચાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

# વલણથી પશુઓને ધુલિયા લઈ જતો ટેમ્પો વાડી પાસે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયા પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી દરમિયાનમાં બાતમી મુજબનો ટેમ્પો આવતાં તેને રોકી તપાસ કરતાં તેમાં 17 પશુઓને ક્રૂરતા પુર્વક ખિચોખિચ બાંધેલાં હોવાનું જણાયું હતું. ડ્રાઈવર - ક્લિનરનું નામઠામ પુછતાં ડ્રાઈવરનું નામ શબ્બીરઅલી અકબર મહંમદ સૈયદ (રહે. વિલાયત, વાગરા) તેમજ ક્લિનરનું નામ સોહેલ મુખ્તાર ઈદ્રીશ શેખ (રહે. વલણ, કરજણ) હોવાનું માલુમ પડ્યુ હતું. પોલીસે બન્નેની પુછપરછ કરતાં વલણ ગામે રહેતાં ઈકરામ મુસા ડમકીવાળાએ તેમને ટેમ્પોમાં પશુઓ ભરીને આપ્યાં હોવાનું તેમજ તે પશુઓને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઈ જવાતાં હતાં.

**DATE: 24/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચમાં ઘરેલુ LPG ગેસને કોમર્શિયલ સિલિન્ડરમાં રિફિલિંગ કરવાનું કૌભાંડ

## ૮૨ સિલિન્ડર સાથે ઉછાલીના એક ઇસમ સહિત ત્રણની ધરપકડ

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વરના ઉછાલી ગામમાં ફાર્મ હાઉસમાં ડોમેસ્ટિક LPG સિલિન્ડરમાંથી કોમર્શિયલ સિલિન્ડરમાં ગેસ રિફિલિંગ કરવાનું કૌભાંડ ભરૂચ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યું હતું. આ બનાવમાં ૩ની ધરપકડ કરી ૮૨ ગેસ સિલિન્ડર સાથે ૭.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. સામાન્ય પાઇપના ટુકડાની મદદથી ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરમાંથી કોમર્શિયલ સિલિન્ડર રિફિલિંગ અને એલપીજી ચોરીનો વેપલો ચાલી રહ્યો હતો. આ ગુનામાં એક આરોપીને વોન્ટેડ પણ જાહેર કરાયો હતો. નેશનલ હાઇવે નં.૪૮ નજીક અત્યંત જોખમી રીતે આ ગેસ રિફિલિંગ કૌભાંડ ચાલી રહ્યું હતું.

ભરૂચ LCB અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી. રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન તેમને બાતમી મળી હતી કે, ઉછાલીની સીમમાં ફાર્મ હાઉસમાં આવેલા ગેસના બોટલો ભરેલો ટેમ્પો નં.(GJ-૧૬ AU-૫૭૬૨) પાર્ક છે અને ત્યાં કોઇ શંકાસ્પદ પ્રવૃતિ ચાલી રહી છે. ઉછાલીની સીમમાં આવેલા હસમુખ પટેલના ફાર્મ હાઉસમાં રેડ કરતાં બે ઇસમ ઘરેલુ વપરાશના ગેસની સિલિન્ડરમાંથી ભૂરા કલરના કોમર્શિયલ સિલિન્ડરમાં ગેસ રિફિલિંગ કરતા ઝડપાઇ ગયા હતા. પોલીસ કે અન્ય કોઇ વ્યક્તિ આવી ન જાય એ માટે વોચ રાખનાર હસમુખ પટેલ (રહે., ઉછાલી, તા.અંકલેશ્વર), હૈતરામ ઉર્ફે હિતેશ ભગવાનારામ ભાદુ (ઉં.વ.૨૭) તેમજ સુનીલ ફંડમાનારામ બિશ્નોઇ (ઉં.વ.૧૯) (બંને આરોપી હાલ રહે.,કાપોદ્રા, GIDC અંકલેશ્વર)ની ધરપકડ કરાઇ હતી. આ ગુનાનો અન્ય એક આરોપી રતિલાલ બગડુરામ ગૌદારા ફરાર થઇ જતાં જેને વોન્ટેડ જાહેર કરાયો હતો. પોલીસે ૮૨ ઘરેલુ ગેસ સિલિન્ડર અને કોમર્શિયલ ગેસ સિલિન્ડર કિં. રૂ.૨,૦૫,૮૮૭, બોલેરો પિકઅપ ટેમ્પો કિં.રૂ.૫,૦૦,૦૦૦, બે મોબાઇલ ફોન રૂ.૧૦,૦૦૦, બે વજન કાંટો-૧૦૦૦, એલ્યુમિનિયમ ભૂંગળી નંગ-૪ રૂ.૪૦૦ સહિત રૂ.૭,૧૭,૨૮૭નો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

## સારંગપુરના લક્ષ્મણનગરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ સામે કાર્યવાહી, એકની અટકાયત

ભરૂચ,અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામના લક્ષ્મણનગરમાં આવેલી ચામુંડા અનાજ કરિયાણાની દુકાનમાંથી ગેરકાયદે ગેસના સિલિન્ડરમાં રિફિલિંગ કરતા શખ્સને ઝડપી પાડ્યો હતો. ભરૂચ સ્પેશિયલ ગ્રુપની ટીમ અંકલેશ્વર જી.આઇ.ડી.સી. વિસ્તારમાં એટીએસ ચાર્ટર મુજબની કામગીરીના પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, અંકલેશ્વરના સારંગપુર ગામના લક્ષ્મણનગરમાં આવેલી ચામુંડા અનાજ કરિયાણાની દુકાનમાં વેપારી મોટા સિલિન્ડરમાંથી ગેરકાયદે રીતે નાના સિલિન્ડરમાં ગેસ રિફિલિંગ કરી વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પર ગેરકાયદે રીતે ગેસ સિલિન્ડર રિફિલિંગ કરતા બક્ષીભાઇ રોશનભાઇ ખત્રી (રહે., સારંગપુર)ને પકડી પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૧૧ ગેસના સિલિન્ડર અને રિફિલિંગ પાઇપ, બે વજન કાંટા મળી કુલ ૨૨ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી લક્ષ્મણનગર, કાલી માતા મંદિર પાસે રહેતા બક્ષી રોશન ખત્રીની ધરપકડ કરી હતી.



**DATE: 24/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં વીજ ચેકિંગ વેળા હુમલાની ઘટનામાં એક આરોપી ઝડપાયો

**પોલીસ** કોમ્બિંગને લઇ તોફાનીઓ ભૂગર્ભમાં ઊતરી ગયા હતા

અંકલેશ્વર: અંકલેશ્વરમાં વીજ ચેકિંગ દરમિયાન હુમલા પ્રકરણમાં એક આરોપી ઝડપાયો હતો. વિડીયો વડે ફોટો બનાવી પોલીસને વીજ નિગમે આપ્યા હતા. પોલીસે સતત બે દિવસ આરોપીને ઝડપી પાડવા માટે કોમ્બિંગ સર્ચ જારી રાખ્યું હતું.



અંકલેશ્વરમાં બે દિવસ પૂર્વે વીજ નિગમે અંકલેશ્વરમાં વીજ ચોરી મુદ્દે સર્ચ કર્યું હતું. દરમિયાન અંકલેશ્વરના કસ્બાતીવાડ વિસ્તારમાં ચેકિંગ હાથ ધરાયું હતું. દરમિયાન ત્રણ સ્થળે સ્થાનિકોએ વીજ નિગમના કર્મચારી સાથે માથાકૂટ કરી હતી, જેમાં 3 કર્મચારીને માર પણ માર્યો હતો. આ બાબતે શહેર પોલીસમથકે લૂંટ, મારામારી અને સરકારી કામમાં રૂકાવટની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે વીજ નિગમની ફરિયાદના આધારે વિડીયોમાંથી ફોટોગ્રાફ કાઢી આપ્યા હતા. જેના આધારે પોલીસે મોહંમદ ફહીમ ફિરોઝખાન પઠાણને ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા સતત 2 દિવસથી કસ્બાતીવાડ વિસ્તારમાં સર્ચ કરવામાં આવે છે. ત્યારે પોલીસ કોમ્બિંગને લઇ તોફાનીઓ ભૂગર્ભમાં ઊતરી ગયા હતા.

**DATE: 24/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં બકરાં ચોરી કરનારી ટોળકીના બે આરોપી અમદાવાદના વટવાના નીકળ્યા



ભરૂચ: તા.૧૭ ફેબ્રુઆરીએ અંકલેશ્વર શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા ટાંકી ફળિયામાં બંધ ઓરડામાં દરવાજાની સ્ટોપર કાપી, તાળું તોડી બકરાં ચોરી કરતી ટોળકી સામે અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસમથકે ગુનો નોંધાયો હતો. બકરાં ચોરનારી ટોળકી છેક અમદાવાદના વટવાની નીકળતાં બે ઈસમને અંકલેશ્વર પોલીસે ઝડપી પાડ્યા હતા. ચોરી થયા બાદ સમગ્ર ઘટના અંગે જુદી જુદી ટીમો બનાવી સર્વેલન્સ અને CCTV ફૂટેજના આધારે તપાસ હાથ ધરતાં ગુનામાં વપરાયેલી ગ્રે કલરની બ્રિઝા કાર અમદાવાદના વટવામાં રહેતા પપ્પુ ગુલાબ ચુનારાની હોવાનું બહાર આવ્યું હતું. સ્થાનિક પોલીસ ગાડીનો માલિક પપ્પુ ગુલાબ ચુનારા (ઉ.વ.૨૩) (રહે.,૩૦૭, ગણેશપાર્ક સોસાયટી, બચુભાઈના કૂવા પાસે, વટવા, અમદાવાદ) તેમજ દીપક રાજકુમાર પટેલ (ઉ.વ.૧૯) (રહે., ૩૫, ગણેશ પાર્ક સોસાયટી, બચુભાઈના કૂવા પાસે, વટવા, અમદાવાદ)ની અટકાયત કરી લીધી હતી. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે સઘન પૂછપરછ કરતાં ખુદ ગાડીના માલિક અને અન્ય આરોપીએ બકરાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આ ચોરીના ગુનામાં સંકળાયેલો એક આરોપી ઇમરાન ઉર્ફે કાબરો (રહે., મલાવ તળાવ પાસે, ધોળકા, જિ.અમદાવાદ)ને વોન્ટેડ જાહેર કરી શોધવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

**DATE: 24/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઘરે બેઠા કમાણીની લાલચ આપી છેતરપિંડી કરી હતી

# અંકલેશ્વરના દંપતી સાથે રૂ. 5.31 લાખની ઠગાઈ કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના દંપતિ સાથે 5.31 લાખની ઠગાઈ કરનારા એક આરોપીને પોલીસે સુરતના ડભોલી વિસ્તારમાંથી ઝડપી પાડયો છે જ્યારે આરોપીની પત્નીને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે.

અંકલેશ્વર અંબિકા રેસિડન્સીખાતે રહેતા નિલેશ પરમાર અને તેની પત્ની કાજલના સંપર્કમાં સુરતના ભેજાબાજ શૈશવ મહેતા અને તેની પત્ની નિકિતા મહેતા આવ્યા હતા જેમને ઓકે લાઈફ કેર નામના બિઝનેશ માં જોડાવા માટે પરમાર દંપની નો વિશ્વાસ સંપદાન કર્યો હતો અને ઘર બેઠા આવક ઉભી કરવા મોટાઆર્થિક લાભની લોભ લાલચ આપી હતી. અને ત્યારબાદ નિલેશ પરમાર ને વિશ્વાસ માં લઈ તેન અને તેની પત્ની ડોક્યુમેન્ટ મેળવી લીધા હતા ને બેંક ખાતા ખોલાવી ક્રેડિટ કાર્ડ પણ લેવડાવ્યાં હતાં. બાદમાં સુરતના દંપતિએ ખાતામાંથી રોકડ રૂપિયા 3.21 લાખ ઉપાડી લીધા હતા તેમજ ક્રેડિટ કાર્ડથી 1.91 લાખ રૂપિયાની ખરીદી કરી હતી. સુરતના દંપતિ સામે ગત 16 મી સપ્ટેમ્બર 2022 ના રોજ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તેમણે 5.13 લાખ રૂપિયા ની છેતરપિંડી અને વિશ્વાસઘાત ની ફરિયાદ નોંધાવી હતી જે ગુના માં અંતે શહેર પોલીસ એ 5 મહિના બાદ સુરત ડભોલીમાંથી શૈશવ મુકેશ મહેતાની ધરપકડ કરી છે. જ્યારે તેની પત્નીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 24/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# દારૂના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત 29 મી જાન્યુઆરી 2023 ના રોજ અંકલેશ્વર સારંગપુર નવીનગરીમાં રહેતા મનીષ ઉર્ફે મલો વસાવાના ઘરે દરોડો પાડી 10 હજાર રૂપિયાનો દારૂ તથા બિયરનો જથ્થો ઝડપી પાડયો હતો. જ્યારે બુટલેગર ને વોન્ટેડ જાહેર કર્યો હતો. 24 દિવસ બાદ પોલીસે વોન્ટેડ આરોપીને ચોક્કસ માહિતી આધારે સારંગપુર ખાતે થી ઝડપી પાડ્યો હતો. અને દારૂનોજથ્થો ક્યાં ની અને કોની પાસેથી લાવ્યો એ અંગે પૂછપરછ શરૂ કરી છે.

### ભરૂચ એલસીબીની ટીમે 120 કિમી સુધી પીછો કરીને ચાર આરોપીઓને ઝડપી પાડ્યાં

# નડિયાદથી અંકલેશ્વર કારમાં આવી અઢી મહિનામાં 24 બકરાઓની ચોરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર- હાંસોટ રોડ પર બકરા ચોરી કરી ક્રેટા ગાડીમાં એક ગેંગ ફરી રહી છે. જે આધારે એલસીબી ની અલગ અલગ 3 ટીમે વોચ ગોઠવી હતી દરમિયાન હાંસોટ રોડ પર ક્રેટા ગાડી નજરે પડતા એલસીબી પોલીસે પીછો કરી રોકવાની કોશિષ કરતા બકરા ચોરગાડીને સજોદથી હજાતગામ થઈ સિસોદરા ,પડવાઈ , કોસંબા ટાઉન વેલાજા, દિહેણ ગામ થઈ સિલુડી- વાલિયા તરફ નીકળી ગયા હતા.

વાલીયાથી લીભેટ થઈ તલોદરા ગામથી મોરતલાવથી પડવાણીયા ગામથીરાજપારડી તરફ અંતરિયાળ માર્ગે જતા એલસીબીની ટીમે રાજપારડી પોલીસને જાણ રાજપારડી પોલીસે ટ્રાફિક જામ કરી અડચણ ઉભી કરતા ટ્રાફિકમાં કાર ફસાઈ ગયાં હતાં. એલસીબીની ટીમે કારને કોર્ડન કરી કારમાં સવાર 4 ઈસમોને ઝડપી પાડયાં હતાં. કારમાંથી 6 બકરા પણ મળી આવ્યાં હતાં. આરોપીઓએ અંકલેશ્વરમાંથી ગત રોજ કરેલ બે સ્થળે થી બકરા ચોરી અને 15 દિવસ પહેલા માંડવા ગામ થી અને એ અગાવ પણ અંકલેશ્વર શહેર ના નવીનગરીમાં બકરાં ચોરીની કબૂલાત કરી હતી.પોલીસે નડિયાદ ખાતે રહેતા હસમુખ જાની, કિશોર વાઘરી, ઠાકોર તળપદા તેમજ ભાવેશ વાઘરીની ધરપકડ કરી 8.41 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

## નડિયાદનો શેઠ બકરાઓની ચોરી કરાવતો હતો

બકરા ચોરો એ કબૂલાત કરી હતી કે નડિયાદ દિનશા નગર ખાતે રહેતા તેમના શેઠ પરસોત્તમ પૂજા ભાઈતળપદાના કહેવાથી ચોરી કરતા હતા. તેઓ અંકલેશ્વર અને ભરૂચ માં અગાઉ આઈ.20 કાર લઈ ચોરી કરતા હતા. અને વિવિધ કારમાં બકરા ચોરી કરવા આવતા નથી.

**DATE: 25/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ભરૂચના મારૂતિ નગરમાં જુગાર રમતાં ચાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ન્યૂ આનંદ નગરની પાછળની હઝરત અહમદ સાહબ મસ્જીદ પાસે કેટલાંક શખ્સોએ જાહેરમાં જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. તેમના નામ યુનુસ મજીદ શેખ, ઈલ્યાસ આદમ પટેલ, ઈમરાન અહેમદ મેમણ તેમજ ઈફ્તેકાર તજીમલ હુસેન સૈયદ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની પાસેથી દાવ પર લાગેલા અને તેમની અંગઝડતીમાંથી મળેલાં રોકડા રૂપિયા 35 હજાર મળી 50 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# મહિલા સહિત 3 સામે ગુનો દાખલ
# અંકલેશ્વરમાં બે સ્થળેથી બૂટલેગરોને ઝડપી પડાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ અંદાડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે એક એક્ટિવાચાલકને અટકાવ્યો હતો અને તેની એક્ટિવા પર વિમલ ના થેલા માં સર્ચ કરતા અંદરથી દારૂની બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે હાંસોટ રોડ પર આવેલ રાધે નગરખાતે રહેતા હાર્દિક પટેલ અને હાલ અંદાડા ખ્રિસ્તી ફળીયામાં રહેતાકલારતિબેન કુશવાહની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વરના જીતાલી ગામ ખાતે તાલુકા પોલીસે યોગી એસેટમાંસર્ચ કરતા કોસમડીના વિજય કોલીને દારૂની 17 બોટલો સાથે ઝડપી પાડયો હતો. તેની પાસેથી કુલ 13 હજારનો મુદામાલ પોલીસે જપ્ત કર્યો છે. આરોપી દારૂનો જથ્થો કોની પાસે થીવેચાણ અર્થે લાવ્યો એ અંગે પૂછપરછ શરુ કરી હતી.

**DATE: 26/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–12**

# શુકલતીર્થ ગામે પત્તાપાનાનો જુગાર રમતા ૫ ઝડપાયા : ૩ જુગારિઓ ફરાર

ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામ ખાતે નબીપુર પોલીસે મળેલ બાતમીનાં આધારે પત્તાપાનાનો જુગાર રમતા જુગારીયાઓ ઝડપી પાડયા હતા. નબીપુર પોલીસે શુકલતીર્થના દુબઈ ટેકરી નજીક વોટર વર્કસ નજીકના ખુલ્લા મેદાનમાંથી જુગાર રમતા જુગારીયાઓને ઝડપી પાડયા હતા. ૫ જુગારીયાઓ રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જ્યારે ૩ જુગારીયાઓ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. નબીપુર પોલીસને મળેલ બાતમી મુજબ ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો લીના પાટિલના માર્ગ દર્શન હેઠળ પી એસ આઈ કે એમ ચોધરી અને તેમની ટીમે આ કામગિરી કરી હતી. જુગારીયાઓ પાસેથી રૂ ૧૧હજાર થી વધુનો મુદ્દામાલ ઝડપાયો હતો. જેમા દાવ પરના રોકડા રૂ ૩૫૫૦ અંગ ઝડતીના રૂ ૬૬૧૦અને મોબાઈલ નગ ર કી રૂ ૧૪૦૦નો સમાવેશ થાય છે. ઝડપાયેલ જુગારીઓ : સુરેશ મગન વસાવા, પરેશરણજીત વસાવા, જીજ્ઞેશ મનુભાઈ વસાવા, ધર્મેશ રણજીત વસાવા તમામ રહે શુકલતીર્થ, પગભીર પ્રભાતભાઈ બારિયા રહે. કરજણ. વોન્ટેડ જુગારીયા રવિ દનુ વસાવા, રોશન કના વસાવા, સુનીલ ગિરીશ વસાવા તમામ રહે શુકલતીર્થ ભાગી છુટ્યા હતા.

# અંકલેશ્વરના ભાંગવાડમાંથી પાલ લાઈટ અને કલરના ડબ્બા સાથે એક શખસ ઝડપાયો

અંકલેશ્વરના ભાંગવાડ વિસ્તારમાં શહેર એ ડિવિઝન પોલીસે એક મકાન માંથી ચોરી ની પાલ લાઈટ અને એશિયન પેઇન્ટ્સ ના કલર ના ડબ્બા સાથે એક શખ્સ ને ઝડપી પાડી કુલ રૂપિયા ૧૪ હજાર ૫૮૫ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટીમ ને પેટ્રોલિંગ દરમ્યાન શહેર ના ભાંગવાડ માં રહેતો રોહિત ઉર્ફે કાર્તિક રમેશ વસાવા એ પોતાના ઘર માં ચોરી ની પાલ લાઈટ અને એશિયન પેઇન્ટ્સ ના કલર ના ડબ્બા ઓ સગેવગે કરી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા ઘર માંથી રૂપિયા ૫ હજારની કિંમત ની ૫ નંગ પાલ લાઈટ ,તેમજ રૂપિયા ૯૫૮૫ ની કિંમત ના કલર ના ૧૮ નંગ અલગ અલગ ડબ્બાઓ મળી આવ્યા હતા .શહેર પોલીસે રોહિત વસાવા ને પાલ લાઈટ અને કલર ના ડબ્બાઓ અંગે પૂછપરછ કરતા તેણે સંતોષકારક જવાબ નહિ આપતા તેની અટકાયત કરી કુલ રૂપિયા ૧૪૫૮૫ નો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શહેર એ ડિવિઝન પોલીસે રૂ.૧૪૫૮૫ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.